# બનાસબેંકની ડીસા બેઠક પર જીગર દેસાઈ-સંજય દેસાઈ આમને-સામને

**બનાસબેંકના વાઈસ ચેરમેન અને કોંગ્રેસી ધારાસભ્યના પુત્ર વચ્ચે કાંટાની ટક્કર**

પાલનપુર, તા. ૧૫

બનાસ બેંકના સંચાલક મંડળની ૧૯ બેઠકો પૈકી ૧૭ બેઠકો બિનહરીફ થયા બાદ ડીસા અને વડાગામ બેઠક પર આગામી તા. ૨૦ ઓક્ટોબરના રોજ ચૂંટણી યોજાનાર છે. ત્યારે ડીસા બેઠક પર બનાસબેંકના વાઈસ ચેરમેન અને ડીસાના કોંગ્રેસી ધારાસભ્યના પુત્ર વચ્ચે કાંટાની ટક્કર જામી છે. ત્યારે જીગરભાઈના પરિવારે બનાસ બેંકમાં આપેલી સેવાને ધ્યાને લઈ મતદારો પુનઃ જીગરભાઈ દેસાઈને વિજેતા બનાવે તેવી શક્યતાઓ જણાઈ રહી છે.

ધી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. પાલનપુર (બનાસબેંક) ના સંચાલક મંડળની મુદત પૂર્ણ થતાં જ સરકાર દ્વારા ચૂંટણી અંગે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આયું હતું. ત્યારે ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારોમાં ચહલ-પહલ મચી જવા પામી હતી. બનાસ બેંકની ચૂંટણીમાં ફોર્મ ભરવાના અંતિમ દિન સુધીમાં બનાસ બેંકના ૧૯ સભ્યો પૈકી ૧૭ સભ્યો તો અગાઉથી જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. બનાસબેંકની ચૂંટણીમાં પ્રથમ દિનથી જ બિનહરીફ ઉમેદવારોની જાહેરાત થતાં જ બેંક આખી બિનહરીફ થઈ જાય તેવા ભણકારા વાગ્યા હતા પરંતુ કેટલાક લોકોને બનાસબેંક બિનહરીફ ન થાય તે માટે હવનમાં હાડકા નાંખવાનું કામ કરતા આખરે ડીસા અને વડગામ બેઠક બિનહરીફ થઈ શકી ન હતી. જેથી બનાસ બેંકની ડીસા અને વડગામ બેઠક પર ૨-૨ ઉમેદવારો રહેતા ચૂંટણી યોજવાની નોબત આવી છે. ત્યારે બનાસ બેંકની ડીસા બેઠક પર બનાસ બેંકના વાઈસ ચેરમેન અને યુવા સહકારી આગેવાન જીગરભાઈ ભગવાનભાઈ દેસાઈ અને ડીસાના કોંગ્રેસી ધારાસભ્ય ગોવાભાઈ રબારીના પુત્ર સંજયભાઈ ગોવાભાઈ રબારી વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈના દાદા સ્વ. વિરાભાઈ નાથુભાઈ દેસાઈ બનાસ બેંકમાં ડીરેક્ટર તેમજ તેમના પિતા સ્વ. ભગવાનભાઈ વિરાભાઈ દેસાઈએ પણ વર્ષો સુધી બનાસ બેંકના વાઈસ ચેરમેન તરીકે રહીને લોકોની સેવા કરી છે. જેથી મતદારો પણ તેઓએ કરેલી કામગીરીને યાદ કરીને પણ ફરીથી બનાસ બેંકમાં ડીસા બેઠક પરથી જીગરભાઈ ભગવાનભાઈ દેસાઈને વિજેતા બનાવશે તેવો જનમત પ્રવર્તિ રહ્યો છે.




બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક શાળાના વ્યાયામના શિક્ષકો ફરજ પ્રત્યેની પડતર માંગણીઓને લઈને આંદોલનના મેદાનમાં ઉતર્યા છે. આજે જિલ્લા મથક પાલનપુરમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં વ્યાયામના શિક્ષકો હાજર રહ્યા હતા. પાલનપુર કીર્તિસ્થંભથી વિશાળ સંખ્યામાં નીકળેલી આ રેલી શહેરના મુખ્ય માર્ગ પર ફરી જિલ્લા સેવા સદન ખાતે પહોંચી હતી. જ્યાં જિલ્લા નાયબ નિવાસી કલેક્ટર એમ.ડી. મિસ્ત્રીને આવેદન પત્ર આપ્યું હતુ. રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા આપવા આવેલ આવેદન પત્રમાં જુદી જૂદી પાંચ જેટલી માંગણીઓની રજૂઆત કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને કેન્દ્ર સરકારની કક્ષાએ ૨૧મી જૂન આંતરરાષ્ટ્રિય યોગ દિવસ જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ પાયાના પ્રાથમિક શાળાના શિક્ષણમાં યોગ અને શારીરિક શિક્ષણની વિષય નાબુદ કરવામાં આવેલ છે જે મૂળ વિષય પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવે તેવી માંગણીઓ ગુજરાતની પ્રાથમિક શાળાઓના વ્યાયામના શિક્ષકો ઈચ્છી રહ્યા છે.

# પ્રાંતિજના મજરા પાસે અજાણ્યા વાહનની ટક્કરથી બે નાં મોત

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મજરા ચોકડી પાસે રાત્રીનાં સમયે બાઈક ઉપર જઈ રહેલ બાઈક સવારને અજાણ્યા ભારે વાહને અડફેટે લેતાં બંન્ને બાઈક સાથે નીચે પટકાયા હતા જેમા એકનુ ધટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું જયારે બીજાને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પણ સારવાર મળે તે પહેલા મોત નિપજ્યું હતું.

**રાત્રીના સમયે બાઈક ઉપર જઈ રહેલ દાહોદના બે યુવાનનું અજાણ્યા વાહનની ટક્કરથી અકસ્માતમાં મોત**

મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના મજરા ચોકડી પાસે રાત્રીના સમયે પોતાના બાઈક નંબર જીજે-૧૮.એન. ૮૪૯૫ ઉપર ત્યાંથી પ્રસાર થઈ રહ્યા હતાં તે સમયે અચાનક કોઈ અજાણ્યા ભારે વાહને ટક્કર મારતાં તેવો બાઈક સાથે બન્ને જણા નીચે પટકાયા હતાં જેમાં ભુરસીંગભાઈ નાનજીભાઈ વળવાઈ ઉ. વર્ષ-૩૫ રહે. ફતેપુરા, દાહોદ તેમણે માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનુ ધટનાસ્થળે મોત નિપજ્યું હતુ જયારે આજુબાજુના લોકોને ખબર પડતાં દોડી આવ્યા હતાં ૧૦૮ ને ફોન કરતાં ૧૦૮ તાત્કાલિક ધટનાસ્થળે દોડી આવી હતી અને રાહુલભાઈ રમેશભાઈ વળવાઈ ઉ.વર્ષ-૧૯ રહે. ફતેપુરા, દાહોદ તેવોને પણ માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮માં લઈ જવામાં આવ્યા હતાં પણ સારવાર મળે તે પહેલાં તેમનુ પણ મોત નિપજ્યું હતુ જયારે પ્રાંતિજ પોલિસને પણ અકસ્માત અગેની જાણ થતાં ધટનાસ્થળે દોડી આવી હતી અને અજાણ્યા ભારે વાહન વિરૂધ્ધ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પ્રજ્ઞાચક્ષુઓનો ખેલ મહાકુંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રજ્ઞાચક્ષુઓ વિદ્યાર્થી ભાઈ બહેનો માટેનો ચતુર્થ ખેલ મહાકુંભ પ્રાંતિજ ખાતે યોજાયો હતો. જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.



પ્રાંતિજ ખાતે તા. ૧૫-૧૦-૧૬ને શનિવારના રોજ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકાર તથા સાબરકાંઠા જિલ્લા રમતગમત કચેરી અને રાષ્ટ્રીય અંધજન મંડળ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે પ્રજ્ઞાચક્ષુ ભાઈ બહેનોનો ચતુર્થ ખેલ મહાકુંભ યોજવામાં આવ્યો હતો.

જેમાં અરવલ્લી-સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, પ્રો. ભાસ્કરભાઈ મહેતા, દિલીપભાઈ ગાંધી સહિત ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યો હતો અને મહેમાનોનું સ્વાગત બાદ ચતુર્થ ખેલ મહાકુંભ સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેમાં દોડ, ગોળાફેંક, લાંબીકૂદ વગેરેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.



# પ્રાંતિજમાં અગ્નિશામક સાધનોથી ગ્રામજનોને માહિતગાર કરાયા

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ઈન્ટરનેશનલ ડે ફોર ડે ડીઝાસ્ટર રીડકશનની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ ખાતે રેલી અને શાળા નંબર - ૧ના બાળકોને ફાયર કામગીરી તથા ફાયર સાધનોની ઓળખ રીહર્સલ સહિત સમજ આપવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે ફાયર દિન નિમિત્તે પ્રાંતિજ ડીઝાસ્ટર સ્ટાફ દ્વારા ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ શાળા નંબર -૧માં ફાયરમેન મુકેશભાઈ તથા યુસુફભાઈ વ્હોરા દ્વારા ફાયરસેફટી સહિતના સાધનોની બાળકોને રીહસર્લ સાથે સમજ આપી હતી જયારે પ્રાંતિજનગર પાલિકાના ઉપ પ્રમુખ પંકજભાઈ મોદી, નગરપાલિકા કારોબારી અધ્યક્ષ દિલીપભાઈ રાવળ દ્વારા લીલી ઝંડી બતાવી ફાયર રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું જેમાં ગોવિદભાઈ, નૈલેષભાઈ, ગોપાલભાઈ સહિત નગરપાલિકા ફાયર સ્ટાફ સહિત પ્રાંતિજ હોમગાર્ડ જવાનો પણ રેલીમાં જોડાયાં હતા અને શાળા નંબર- ૧ થી પ્રાંતિજ બજાર સુધી સહિત વિસ્તારોમાં થઈને ભાંખરીયા બસ સ્ટેશન સુધી પહોચી હતી અને રેલી સ્વરૂપે પણ લોકોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

# પ્રાંતિજમાં ખેતરવાળા મા મેલડી માતાજીનો ચોથો પાટોત્સવ યોજાયો



પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ શ્રી ખેતર વાળા મા મેલડી માતાજીનો ચોથો પાટોત્સવ યોજાયો હતો. જેમાં દૂરદૂરથી માઈ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ મા ખેતરવાળી મેલડી માતાના મંદિર ખાતે ચોથો પાટોત્સવ બે દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ દિવસે આવેલ મહંતશ્રીઓના સન્માન, માતાજીની શોભાયાત્રા તથા રાત્રીના ૯.૩૦ કલાકે લોકડાયરો યોજાયો હતો. જેમાં રાકેશ બારોટ, હિરલ રાવલ તેમજ સાથી કલાકારો દ્વારા ડાયરો જામ્યો હતો. જ્યારે બીજા દિવસે યજ્ઞ, મહાઅભિષેક, હોમકર્મ સહિત કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે શ્રીફળ હોમ, મહાઆરતી, મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જ્યારે શક્તિ ઉપાસક પંકજભાઈ રાવલ (જયમાડી) દ્વારા ઉપસ્થિત મહંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે પ્રાંતિજ તથા ગુજરાત ભરમાંથી માઈ ભક્તોમાના માઈ પાટોત્સવમાં અમદાવાદ, બરોડા, આણંદ, મહેસાણા, સુરત, હિંમતનગર વગેરે જગ્યાએથી માઈ ભક્તો ઉમટી પડ્યા હતા અને મા મેલડીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# માલપુરમાં સ્વચ્છતા અભિયાન માત્ર કાગળ પર, ગંદકીથી રોગચાળાનો ભય

## માલપુરના માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ગંદકીથી ગ્રામજનો ત્રાહીમામ

માલપુર, તા. ૧૫

માલપુર પંથકમાં નવરાત્રી પર્વમાં વરસેલા વરસાદથી ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચીયાના કારણે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. માલપુર ગામના ગ્રામજનો ગંદકીથી મચ્છરનો ઉપદ્રવ વધતા બીમારીમાં સપડાતા પ્રજાજનોમાં માલપુર પંચાયતના વહીવટ સામે ભારોભાર આક્રોશ જોવા મળી રહ્યો છે. માલપુર પંચાયતના અણધડ વહીવટથી ઠેર ઠેર ગંદકીના ઢગલા ખડકાતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે. તાબડતોડ ગંદકી દૂર કરવા પ્રજાજનોમાં ઉગ્ર માંગ.



માલપુર તાલુકા મથકનુ મુખ્ય ગામ છે. એક તરફ દેશના વડાપ્રધાન સ્વચ્છતા અભિયાન માટે અને સ્વચ્છ ગામ અને સ્વચ્છ શહેર માટે અભિયાન ચલાવી રહ્યા છે ત્યારે માલપુરમાં ઠેર ઠેર ગંદકી જોવા મળી રહી છે. જેમાં મુખ્યત્વે દલિત મહોલ્લો, પશુ દવાખાનાથી ભાગા ખાંટનો વિસ્તાર, કાદવ કીચડ ગંદકીથી વિસ્તરી રહ્યો છે. આ વિસ્તારના પ્રજાજનોએ પંચાયતના વહીવટદારો સામે અનેકવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા ઉગ્ર રોષની લાગણી પ્રસરી રહી છે અને આગામી દિવાળીના તહેવારો નજીક છે. ત્યારે ગંદકીથી ખદબદતા વિસ્તારોમાંથી તાબડતોડ ગંદકી દૂર કરવામાં આવે તેવી ઉગ્ર લોક માંગણી ઉઠી છે. તેમજ માલપુરના વિનાયક જોડે ગોઝારા સહિતના વિસ્તારોમાં ગંદકીથી ખદબદતા વિસ્તારોમાં પંચાયતના પદાધિકારીઓ સાફ-સફાઈ નહિ કરે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. માલપુર શહેરમાં સરકારી કચેરીઓની આજુબાજુ પણ ગંદકીના ખડકલાઓ જામી જતા તાલુકામાંથી આવતા પ્રજાજનોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

## મોડાસામાં ૧૬મીએ આયુષ અવેરનેસ કેમ્પનું આયોજન

ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિથી કચેરી ગાંધીનગર તથા જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા દ્વારા મોડાસા ખાતે ૧૬મી ઓક્ટોબર રવિવારના રોજ મોડાસા ચાર રસ્તા ખાતે આવેલ પ્રાથમિક શાળા નં. ૧માં સવારે ૯ થી ૨ દરમ્યાન કેમ્પનું યોજાશે.

જિલ્લા આયુર્વેદ અધિકારી (ઈ.ચા.) ડો. કલ્પનાબેન ભટ્ટના જણાવ્યા મુજબ કેમ્પમાં આયુર્વેદ પદ્ધતિથી પ્રકૃતિ પરીક્ષણ, સુવર્ણપ્રાશન, નિદાન અને સારવાર પુરી પડાશે. જ્યારે ચિકનગુનીયા અને ડેન્ગ્યુ જેવા રોગ સામેના રક્ષણ માટે ઉકાળા (અમૃતપેય) વિતરણ કરાશે.





# મોડાસાની બી-કનઈ સ્કૂલમાં ચેસ સ્પર્ધા યોજાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની બી-કનઈ સ્કૂલમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભના આયોજનના ભાગરૂપે બી-કનઈ ખાતે તાલુકા લેવલની ચેસ સ્પર્ધા યોજાઈ હતી. તાલુકમાંથી ૧૦૦ જેટલા ચેસના ખેલાડીઓ ચેસ સ્પર્ધામાં ભાગ લેવા ઉમટી પડ્યા હતા. ચેસ સ્પર્ધામાં વિજેતા થનાર પ્રથમ ત્રણ ખેલાડીઓ જિલ્લાકક્ષાની યોજાનાર ધનસુરા ખાતે ચેસ સ્પર્ધામાં ભાગ લેશે. મોડાસા શહેરમાંથી ચેસથી રમત રમતા અને રમતપ્રેમીઓ મોટી સંખ્યામાં બી-કનઈ સ્કૂલમાં ઉમટી પડી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.